# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

-------------------------------------

**(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.**

# CM - ARAVALLI

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આજે  મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કુલ 282 કરોડ રૂપિયાના  વિવિધ વિકાસલક્ષી વિકાસકાર્યો સહિત બસપોર્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે મોડાસામાં પંદર કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલું આ નવુ બસપોર્ટ અનેક સુવિધાઓથી સજ્જ છે..

(બાઇટ-સીએમ ભૂપેન્દ્ર પટેલ-  બસ પોર્ટ)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આરોગ્ય  વિષયક  સુવિધાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે સરકાર કામગીરી કરી રહી છે. કોઇપણ આકસ્મિક સમયે જિલ્લામથક જવું ના પડે અને નજીકમાં જ સાર વાર મળી રહે તેવો અભિગમ સરકારે અપનાવ્યો છે.

(બાઇટ-સીએમ ભૂપેન્દ્ર પટેલ - આરોગ્ય સેવા)

આ ઉપરાંત મુખ્યમંત્રીના હસ્તે સાંસદ કાર્યાલય,સમરસ હોસ્ટેલનું પ ણ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે તેમણે મૂક બધિર લોકોના સમૂહ લગ્નોત્સવમાં પણ હાજરી આપી હતી.

. . . . . . . . . . . .

# RAJKOT MANDAVIYA

કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાની અધ્યક્ષતા રાજકોટના ઉપલેટા શહેર ખાતે  ચાર હજાર ૬૫૧ લાખના ખર્ચે તેયાર થનારા વિકાસ પ્રકલ્પોનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્રીય મંત્રીશ્રીએ જેતપુર

માર્ગ અને મકાન વિભાગ હેઠળ ૬૧૨ લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનારા ઉપલેટા મહેસુલ સેવા સદન તથા જૂનાગઢ એસ.ટી. ડેપો હેઠળ અંતર્ગત ૭૮૦ લાખ રૂપિયાના ખર્ચે બનનારા ઉપલેટા બસ સ્ટેશનનું ભૂમિપૂજન કર્યું હતું. તેમજ જૂનાગઢ એસ.ટી. ડેપો હેઠળ અંતર્ગત ૮૦૯ લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનારા ધોરાજી બસ સ્ટેશન અને બે હજાર ૪૪૯ લાખ રૂપિયાના ખર્ચે ઉપલેટા - પાટણવાવ રોડ પર રિવર બ્રિજના રીકન્સ્ટ્રક્શનનું ઇ-ખાતમુહૂર્ત કર્યું હતું.

આ કાર્યક્રમ અગાઉ આજે સવારે તેમણે રાજકોટના ભાયાવદર ખાતે સન્ડે ઑન સાઈકલીંગ કાર્યક્રમ અંતર્ગત સાઈકલ ચલાવી. ત્યારબાદ શ્રી માંડવિયાએ સાઈકલસવારો સાથે સંવાદ કર્યો હતો.

તેમણે તંદુરસ્તી માટે સાયકલ ચલાવવા માટે સૌને અપીલ કરી હતી.. તેમણે ખાસ કરીને નવી પેઢીને વધુને વધુ સાયકલિંગ કરવા માટે અપીલ કરી હતી..

. . . . . . . . . . . .

# EASTER

**રાજ્યભરમાં આજે ઇસ્ટરની આસ્થા ભેર ઉજવણી થઈ રહી છે. એવું મનાય છે કે ગુડ ફ્રાઈડેના દિવસે ઈસુ ખ્રિસ્તને ક્રોસ પર ચડાવ્યા પછી, આજના દિવસે તેમનો પુનર્જન્મ થયો હતો. આજે, આ પ્રસંગે, રાજ્ય સહિત દેશભરના ચર્ચમાં ખાસ પ્રાર્થના સભાઓ યોજાઈ રહી છે.**

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ઈસ્ટરની શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે પોતાના સંદેશમાં કહ્યું કે આ તહેવાર નિઃસ્વાર્થ પ્રેમ અને સેવાનો સંદેશ આપે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ઈસુ ખ્રિસ્તનું જીવન આપણને સત્ય, ન્યાય અને કરુણાના માર્ગ પર ચાલવા પ્રેરણા આપે છે. તેમણે ઈસુ ખ્રિસ્તના જીવન મૂલ્યોને અપનાવવા અને સમાજમાં શાંતિ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા અપીલ કરી.**

. . . . . . . . . . . . .

# CM CHANKYA DRAMA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શનિવારે રાત્રે અમદાવાદમાં ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે ભજવાયેલ પ્રસિદ્ધ નાટક 'ચાણક્ય' નિહાળ્યું હતું. મુખ્યમંત્રીએકલાકાર મનોજ જોશી અને નાટકના લેખક, દિગ્દર્શક તેમજ તમામ કલાકારોને આ નાટકના મંચન અંગેની શુભેચ્છાઓ પાઠવી હતી.

નાટકના મુખ્ય અભિનેતા મનોજ જોશીએ નાટક રજૂ કરતા પહેલા જણાવ્યું હતું કે, ચાણક્ય નાટક છેલ્લાં 36 વર્ષથી એક મિશનની જેમ કાર્યરત છે. ભારતના  સંસદભવનથી લઈને દેશભરમાં તેમજ વિદેશમાં પણ આ નાટકના પ્રયોગો થયા છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

. . . . . . . . . . . .

# TARBUCH TAPAS

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં તડબૂચના વેપારીઓને ત્યાં દરોડા પાડી તપાસ કરવામાં આવી. 350 જેટલી પેઢીઓની તપાસ દરમિયાન 400-થી વધુ તડબૂચના નમૂનાઓને આકસ્મિક સ્થળ પર તપાસવામાં આવ્યા હતા. દરમિયાન કોઈ નમૂનામાં કૃત્રિમ રંગની હાજરી જોવા મળી નહતી. આ ઉપરાંત કોઈ પણ પેઢીને ત્યાંથી કૃત્રિમ કલર, ઈન્જેક્શન જેવા પદાર્થો તપાસમાં સ્થળ પર જોવા મળ્યા નહતા, એમ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# BAWLA SATURATION PROG

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના ગામોમાં આજથી 22 એપ્રિલ સુધી સેચ્યુરેશન એટલે કે સંતૃપ્તિ કૅમ્પ યોજાશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાનારા કૅમ્પ અંતર્ગત ગામોમાં 47 જેટલી સરકારી યોજનાઓના લાભ એનાયત કરાશે.

સત્તાવાર યાદી મુજબ, આજે દુર્ગી પ્રાથમિક શાળા ખાતે દુર્ગી, મેણી, દેવડથલ અને ડુમાલી ગામોના નાગરિકો માટે, આવતીકાલે મેટાલ પ્રાથમિક શાળા ખાતે મેટાલ, દેવધોલેરા, કેશરડી અને બલદાણા ગામોના ગ્રામજનો માટે અને મંગળવારે શિયાળ પ્રાથમિક શાળા ખાતે શિયાળ, મીઠાપુર, કોઠાતલાવડી અને કાળીવેજી ગામોના નાગરિકોને સરકારી યોજનાઓના લાભો એનાયત કરાશે.

. . . . . . . . . . . . .